# પ્રાંતિજ અંતિમધામમાં આવક સામે સગવડના નામે મીંડુ

પ્રાંતિજ, તા. ૭

પ્રાંતિજમાં સ્થિત અંતિમ ધામમાં છેલ્લા કેટલાય વખતથી આવકની સામે સગવડના નામે મીંડુ હોવાથી અંતિમ ક્રિયા માટે સ્મશાને આવતા મૃતકના પરિવારજનો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. જ્યારે નગરપાલિકાતંત્ર કઈ પણ જાણ ન હોય તેમ સબ માટેની સગડીની ઉપરનો સેડ પડુ પડુ થઈ રહ્યો છે. જ્યારે કેટલાક પતરા તુટીને પડી ગયા છે. બીજી બાજુ સ્મશાન સંકુલમાં ચારે બાજુ ગંદકીના ઢગલા જોવા મળી રહ્યા છે.

તુટેલા સેડના લીધે વરસાદની સિઝનમાં લીલા લાકડા અને વરસતા પાણી મૃતકના અગ્નીસંસ્કારમાં



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સલામતના દાવા ઠોકી રહ્યું છે. પરિણામે રહિશોમાં રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાંતિજના નેશનલ હાઈ-વે ને અડીને હિંદુ ધર્મનું સ્મશાન આવેલું છે. આ સ્મશાન છેલ્લા ઘણા સમયથી બિસ્માર બની ગયું છે. સ્મશાનમાં અગ્ની સંસ્કાર ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવી રહ્યો છે. આ સંદર્ભે નગરજનોએ વહીવીટતંત્રને લેખિતમાં રજુઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ કાર્યવાહી ન થતા રોષ વ્યક્ત કર્યો છે અને અંતિમધામમાં તાત્કાલિક નવીનીકરણ કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

# રાજ્ય સરકાર દ્વારા રક્ષિત કરાયેલ મોડાસાની વણઝારી વાવની આસપાસ ગેરકાયદેસર બાંધકામોનો રાફડો

## સરકારી આદેશને ઘોળીને પી જતા નગરપાલિકાના શાસકો

મોડાસા, તા.૭

મોડાસા શહેરમાં આવેલ વણજારી વાવની આસપાસ ગેરકાયદેસર બાંધકામોનો રાફડો નગરપાલિકા ધ્વારા પુરાતત્વ ખાતાના આદેશને ઘોળીને પી જતા ખળભળાટ મચી જવા પામ્યો છે. આ તમામ બાંધકામો મોડાસા શકાય નહી તેવો કાયદો બનાવવામાં આવ્યો છે. પરંતુ આ વાવની આજુબાજુમાં નગરપાલીકાની રહેમનજર હેઠળ કઈ કેટલાય એક વર્ષ અગાઉ વણઝારી વાવ ની આજુબાજુ આવેલ બાંધકામો તોડી પાડવાનો આદેશ કરવામાં આવેલ છે. અને મોડાસા નગરપાલિકા અને બાંધકામ વાળા ને કશુ કહી શકતી નથી જયારે લાકમુખે એવી પણ ચર્ચા થવા પામી છે કે આ શોપીગના બીલ્ડરો ધ્વારા શુ કોઈ મસમોટો વ્યવહાર તો



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ફાટયો છે. આ પ્રતિબંધિત એરીયામાં આમ જનતાની વાત તો સાઈડ પર રહિ, પરંતુ ખુદ નગરપાલિકા ધ્વારા પણ કોમ્પલેક્ષ તાણી બંધાયુ છે. આ ઉપરાત આ રક્ષીત વણઝારી વાવની આસપાસ બીજા ૩ થી ૪ ગેરકાયદેસર બાંધકામો આવેલ છે. જયારે ગેરકાયદેસર બાંધકામોને પુરાતત્વ વિભાગ દ્વારા તોડી પાડવાનો આદેશ કરાયો હોવા છતા પણ પણ શહેરના મોટા રાજકીય નેતાઓના છે તેથી પાલિકા દ્વારા આ બાંધકામોને તોડી પાડવાને જગ્યાએ રક્ષણ પુરુ પાડી રહી હોય તેવુ લાગી રહયુ છે.

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં ગુજરાત રાજય સરકાર ધ્વારા ઐતહાસિક વણઝારી વાવને રક્ષીત કરવામાં આવેલી છે. આવા જુના સ્મારકોની સાચવણી માટે પુરાતત્વ ખાતા ધ્વારા ૧૦૦ મીટરની અંદર કોઈ પણ જાતનુ બાંધકામ કરી મોટામસ શોપીગ સેન્ટરો તાણી બાંધવામાં આવ્યા છે અને ખુદ નગરપાલિકા દ્વારા પણ આ ઐતહાસીક વાવની બાજુમાં ૧૦૦ દુકાનોનુ શોપીગ સેન્ટર તાણી બાંધવામાં આવ્યુ છે. શું નગરપાલિકા આ પુરાતત્વ ખાતાના આ કાયદાથી અજાણ હશે ???? કે પછી ??? લોકોના મન આ મોટો પ્રશ્ન ઉભો થયો છે. જેથી મોડાસાની ઈતિહાસ પ્રેમી જનતાની લાગણી દુભાઈ અને આ ગેરકાયદેર બાંધામો દુર કરવાની માંગણી કરવામાં આવી છે.

### પુરાતત્વ ખાતાનો નિયમ શુ કહે છે

જો રાજય સરકાર ધ્વારા કોઈ જગ્યા ને ઐતહાસીક જાહેર કરવામાં આવેલ હોય તો આ સ્મારક ની ૧૦૦ મીટર ના આજુબાજુ ના એરીયામાં કોઈ પણ બાંધકામ થઈ શકે નહી.

### નગરપાલિકા એ પણ કોમ્પલેક્ષ તાણી બાંધ્યુ

એક કહેવત છે કે તેરી ભી ચુપ મેરી ભી ચુપ એમ નગરપાલિકા ધ્વારા ખુદ સરકારી નિયમો નો ભંગ કરી ને આ ઐતહાસિક વણઝારી વા ની બાજુ માં જ ૧૦૦ દુકાનો ધરાવતુ શોપીંગ સેન્ટર તાણી બાંધવામાં આવ્યુ છે. તેથી નગરપાલિકા ના શાસકો ધ્વારા આ ગેરકાયદેસર બાંધકામો વાળા પ્રત્યે અમી નજર રખાઈ રહી છે.

ગુજરાત સરકાર ધ્વારા ઐતહાસીક સ્મારકોની જાળવણી માટે કાયદાઓ બનાવવામાં આવ્યા છે. પરંતુ આ સ્મારકરની આજુબાજુ મસમોટા બાંધકામો તાણી બંધાતા એક જાગૃત નાગરિક અને આર.ટી.આઈ એકટીવીસ્ટ સૌરભ ત્રીવેદી ધ્વારા આર.ટી.આઈ કરાતા આ ચોકાવનારી વિગતો બહાર આવી છે અને પુરાતત્વ ખાતા ધ્વારા જીલ્લા કલેકટર ને પણ આ બાબતે લેખિત જાણ કરેલ છે.તેમ છતા



આજ દિન સુધી નગરપાલિકા કે જીલ્લા કલેકટર ધ્વાર વાવની આસપાસ બનાવવામાં આવેલ ગેરકાયદેસક બાંધકામો દુર કરાયા નથી.

બીજી એક ચોકાવનારી હકીકત એવી પણ બહાર આવી છે.કે પાલિકા તંત્ર ધ્વારા પોતે પણ આ વાની બાજુ માં ૧૦૦ દુકાનો વાળુ મસમોટુ કોમ્પલેક્ષ તાણી બંધાયુ છે. જેના કરાણે નગરપાલિકા આ ગેરકાયદેસર નથી કરવામાં આવ્યો ને???કે પુરાતત્વ ખાતા ધ્વારા આદેશ કરવામાં આવ્યોછતા પણ નગરપાલિકા આ આદેશ ને ઘોળી ને પી ગઈ.

જો સરકાર ધ્વારા આ ઐતહાસીક સ્મારકો ને સાચવવાની સાચે જ ભાવના હોય તો આ ગેરકાયદેસર બાંધકામ કરેલ શોપીગ સેન્ટર ને તોડી પાડવા જોઈએ નહિતર તો આવનારા દિવસોમાં ગુજરાત માં ઐતહાસિક વારસા ના મુલ્યો લુપ્ત થઈ જશે.

# જગત જનની જગદંબાના ચરણોમાં શિશ ઝુકાવવા ભાદરવી પૂનમના મેળામાં ભકતોનું ઘોડાપુર

પ્રાંતિજ, તા.૭

જગતજનની માં જગદંબાના ચરણોમાં શિશ ઝુકાવવા પ્રતિ વર્ષની જેમ ભાદરવી પૂનમના મહામેળામાં દુર દુરથી માઈ ભકતો મસ્તક નમાવવા પગપાળા યાત્રા કરીને એકાવન શકિતપીઠ પૈકીના એક એવા બનાસકાંઠાના દાંતાના ડુંગરાઓમાં બિરાજમાન માં આદ્યશકિતના ધામે શણગારેલા રથ લઈને ભાવિકો અંબાજી નજીક પહોંચી રહ્યા છે.

જગ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી માં ભાદરવી પૂનમના મેળામાં યાત્રિકો માટે ભોજન પ્રસાદ, એસ.ટી. બસ, લાઈટની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જયારે જિલ્લા પોલિસ વડા ધર્મેન્દ્રસિંહ વાઘેલાના માર્ગદર્શન હેઠળ અંબાજી કરતા માર્ગો પર ચુસ્ત પોલીસ આવ્યો છે જેમાં યાસીન બંગ્લાવાલ, ધારાસભ્ય મહેશભાઈ પટેલ, પ્રકાશ અગ્રવાલ, કે.એન. શાહ, કદમ લાટીવાલા સહિતની ટીમ ખડે પગે સેવા આપી રહી છે. આજે તેરસની સાંજ સુધી ૧૫-૧૭ લાખ યાત્રાળુઓ દર્શન કરી ચુકયા છે. આગામી બે દિવસમાં આ સંખ્યા ૨૫ લાખ સુધી જશે તેમ અનુમાન છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પહોંચી રહ્યા છે. છેલ્લા દસ દિવસથી અંબાજીને જોડતા તમામ માર્ગો પર પગપાળા સંઘો, માતાજીની આરાધના કરતા કરતા ગરબાની રમઝટ સાથે ઉમટી રહ્યા છે.

ગણેશચતુર્થીના બિજા દિવસથી સળંગ એ અઠવાડીયા સુધી અવિરત વરસાદ આવતા લાખો પગપાળા યાત્રિકો વરસતા વરસાદમાં પલળતા પલળતા બોલ મારી અંબે જય જય અંબે નારા સાથે બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો ઉપરાંત આરોગ્ય સફાઈ અંગે જિલ્લા વિકાસ અધિકારી એચ.કે. પટેલની આગેવાનીમાં તમામ માર્ગો પર મેડીકલ કેમ્પ, સાફ સફાઈ સહિત ભોજન મંડપની તેમજ રાત્રિના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો માટેનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.

અંબાજીના માર્ગો પર દાતા નજીક લાયન્સ કલબ ઓફ પાલનપુર દ્વારા ભવ્ય સેવા કન્દ્ર શરુ કરવામાં

જિલ્લા કલેકટર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ મંદિરના ચેરમેન દિલીપ રાણા અને તેમની વહીવટી ટીમ દ્વારા મહામેળાનું સૌ પ્રથમવાર વેબકાસ્ટીંગ કરવામાં આવી રહ્યું છે.

# ખેડબ્રહ્મા-અંબાજી સુધી સ્વયંભૂ માનવ સાંકળ રચાઈ

ખેડબ્રહ્મા, તા. ૭

ભાદરવી પૂનમને આડે ત્રણ દિવસ બાકી રહ્યા છે ત્યારે મોટા ભાગના પગપાળા સંઘો ખેડબ્રહ્મા પહોંચી ચૂકયા છે અને અંબાજી પ્રયાણ કરી રહ્યા છે.

જગત જનની મા જગદંબાના ભાદરવી પૂનમના મહામેળામાં ખેડબ્રહ્માથી અંબાજી સુધીના ૫૦ કિમીના માર્ગ ઉપર શ્રદ્ધાળુઓનું કીડીયારૂ ઉમટી પડ્યું છે. હાથમાં લાલ ધજાઓ તથા લાઈટો સહિત શણગારેલા માડીના રથ ખેંચતા ભક્તિભાવથી પદયાત્રીઓ અંબાજી તરફ અવીરત આગળ વધી રહ્યા છે. ગુરૂવાર રાત્રે ખેડબ્રહ્માથી અંબાજી સુધી એક માનવ સાંકળ સ્વયંભૂ સર્જાઈ હતી.

ભાદરવી પૂનમે પગપાળા જતા સંઘોમાં ગુજરાતના દાહોદ-પાંચમહાલ-રાજપીપળા-આણંદ-ખેડા તથા રાજસ્થાનના ઉદયપુર-સાગવાડા-સલુબંર-ખેરવાડા ડુંગરપુરના પદયાત્રીઓ ધ્યાન ખેંચતા હતા. પગપાળા જતા શ્રધ્ધાળુઓમાં વૃધ્ધો-યુવાનો બાળકો અને મહિલાઓ નજરે પડે છે. પણ નાના બાળકોની સંખ્યા આ વર્ષે વધુ છે. ખેડબ્રહ્માથી અંબાજીના માર્ગ ઉપર કેટલાક પદયાત્રીઓ પોતાના બાળકોને જોળીમાં, બાબાગાડીમાં તો કોઈ તેડીને મા અંબાના દરબારમાં માથુ ટેકવવા અંબાજી જતાં નજરે પડે છે.

જેમાં નારાયણભાઈ જોઈતાભાઈ પટેલ રામપુર-ગોરવાડા તેમના ૧૮ વર્ષના અપંગ દિકરા સચિનને લઈ ભાદરવી પૂનમે દર્શને આવે છે. તેઓ છેલ્લા પંદર વર્ષથી પગપાળા ખેડબ્રહ્મા અંબિકા માતાજીના દર્શનાર્થે આવે છે. મા અંબામાં અતૂટ શ્રદ્ધા ધરાવતા રાજસ્થાનના પદયાત્રી માઈભક્તોમાં વધારો જોવા મળે છે.

## ખેડબ્રહ્માના કલોલ કંપા દ્વારા ૧૯ વર્ષથી ચાલતો વિસામો

ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્મા તાલુકાના કલોલ કંપા દ્વારા ભાદરવી પૂનમે અંબાજી પગપાળા જતા પદયાત્રીઓ માટે છેલ્લા ૧૯ વર્ષથી વિસામો ચલાવવામાં આવે છે. આ વિસામામાં ચા નાસ્તો અને સાંજે જમવાનું આપી પદયાત્રીઓની સેવા કરવામાં આવે છે.

આ વિસામાનો ખેરવાડા, કેશરીયાજી, ચિતરીયા, ચાવંડ, ઉદયપુર, સાગવાડા, વાંસવાડાના હજારો પદયાત્રીઓ લાભ લેતા જોવા મળે છે. આ વિસામામાં કલોલકંપાના ૩૦ ઘરોના ભાઈઓ-બહેનો અને બાળકો ખડે પગે સેવા આપે છે. આ વિસામાની શરૂઆતમાં બે હજાર પદયાત્રીઓ લાભ લેતા હતા જયારે ૧૯ વર્ષ પછી પદયાત્રીઓની સંખ્યા ૩૫ હજાર સુધી પહોંચી હોવાનું કલોલ કંપાના યુવાનોએ જણાવ્યું હતું. આતરસુંબાથી ખેડબ્રહ્માના માર્ગ ઉપર આ વિસામો પદયાત્રીઓ માટે ઘણો જ લાભકારી સાબિત થઈ રહ્યો છે.



### ખેડબ્રહ્મામાં જળઝીલણી એકાદશી પ્રસંગે શોભાયાત્રા

ખેડબ્રહ્માના ઠાકોર મંદિર ટ્રસ્ટ સંચાલિત રાધાકૃષ્ણ મંદિર ખાતેથી શુક્રવારે જળઝીલણી એકાદશી પ્રસંગે લાલજી ભગવાનની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રા દરમિયાન તારાબેન જે. શર્મા- ફૂલજીભાઈ એસ. પટેલ, રમીલાબેન એસ. પટેલ, ડાહીબેન એસ. પટેલ, શિલ્પાબેન એચ. રામી તથા પ્રેમીલાબેન એ. સુથાર સહીત ૩૦ જેટલા વૈષ્ણવોએ લાલજી ભગવાનની પધરામણી કરાવી પૂજા-અર્ચના-આરતીનો ધર્મલાભ લઈ ધન્યતા અનુભવી હતી. શોભાયાત્રા શહેરના માર્ગો પર ફરી હરણાવાવ નદી કિનારે આવેલા પંખેશ્વર મહાદેવ મંદિરે પહોંચી હતી. જ્યાં ભગવાનને નદીના જળથી સ્નાન કરાવી આરતી પંખેશ્વર મહાદેવ મંદિરના પુજારી મણીલાલ ભટ્ટે ઉતારી હતી. આ પ્રસંગને સફળ બનાવવા મંદિરના ટ્રસ્ટીઓ - પૂજારી જસવંતલાલ પંડ્યા તથા ગોપી મંડળની બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ખેડબ્રહ્મા પાલિકા દ્વારા સ્ટ્રીટલાઈટોનું લોકાર્પણ

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા ઉન્ડવાથી સંતોષી માતાજીના મંદિર સુધી ટીફાય સ્ટ્રીટ લાઈટોનું લોકાર્પણ પાલિકા પ્રમુખ વિનોદભાઈ આર. પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અરવીંદભાઈ ઠક્કર, ગોવિંદભાઈ વણકર, વલ્લભભાઈ પટેલ, જીજ્ઞેશભાઈ હરકીશન જોષી (પ્રમુખ -જિલ્લા વીજળી કોન્ટ્રાક્ટર એસોસીએશન) -ચીફ ઓફિસર હરીશ અગ્રવાલ તથા પાલિકાના સદસ્યો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજની શાળાઓમાં ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ગુજરાતી શાળા નં. ૨ તથા શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત આ શાળાઓમાં ગુરૂવંદનાનો કાર્યક્રમ શિક્ષકદિન નિમિત્તે યોજાયો હતો.

ગુજરાતી શાળા નં. ૨ માં શિક્ષકદિને શાળાના નિવૃત્ત શિક્ષકો શંભુભાઈ રાવલ અને પોપટભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ગુરૂવંદના કાર્યક્રમમાં બાળકોએ બંને પીઢ શિક્ષકોને કુમકુમ તિલક કરીને તેમની આરતી ઉતારી હતી. પ્રાંતિજની પી.એન્ડ.આર. હાઈસ્કૂલના પ્રાથમિક વિભાગના નિવૃત્ત શિક્ષક જયંતિભાઈ ત્રિવેદી, દોલતસિંહ ઝાલા તેમજ શારદાબેન ત્રિવેદીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ હાઈસ્કૂલમાં બાળકોએ નિવૃત્ત શિક્ષકોને ફૂલહાર પહેરાવી શાલ ઓઢાડી હતી.

આ કાર્યક્રમ દરમિયાન શાળામાં ચાલી રહેલા રમતગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિજેતા બાળકોને ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ કલેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુઝિવ શો-રૂમ

AGL Radhe

TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ

(૨) સર્વિસ ગ્રીસીંગ

(૩) મીકેનીકલ રીપેરીંગ

(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ

(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ

(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA

ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮

ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦

મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦